# માન. ધારા સભ્યશ્રી-સુખાજી ઠાકોર

## ૨૩-બેચરાજી

માન.મંત્રીશ્રી (નાણા) એ સહકાર માટે રૂ. ૧૩૪.૫૧૮૧ કરોડની પુરક માંગણી મુકેલ છે તેને હું મારૂ સમર્થન આપુ છું.

જિલ્લા/તાલુકા ખરીદ વેચાણ સંઘો:

રાજ્યમાં હાલ રાજ્યકક્ષાના કુલ ૧૧ માર્કેટીંગ ફેડરેશન, ૨૫ જિલ્લા ખરીદ વેચાણ સંઘો, ૧૯૫ તાલુકા ખરીદ વેચાણ સંઘો તથા ગ્રામ્ય કક્ષાએ ૨૪૩૨ માર્કેટીંગ મંડળીઓ, ૧૪03 પ્રોસેસીંગ મંડળીઓ આવેલ છે.

જિલ્લા/તાલુકા ખરીદ વેચાણ સંઘો દ્વારા કરવામાં આવતી કામગીરી

૧. ખેત પેદાશોનું વેચાણ કરવું

૨.ખેતી સાથે સબંધિત જરૂરી ચીજ્વસ્તુંઓ જેવી કે ખાતર,બિયારણ, તથા જતુંનાશક દવાઓનું વિતરણ

કરવું

૩.ખેત પેદાશોનું પ્રોસેસીંગ કરવું

૪. લોકો માટે ગ્રાહકલક્ષી પ્રવૃતિ કરવી ફેડરેશન જ્યારે ખેતપેદાશોના ભાવ નીચા હોય અને ખેડુતોને ખેત ઉત્પાદનનાં પોષણક્ષમ ભાવો મળી શકે તેમ ના હોય ત્યારે ઘઉં, ડાંગર ,

દાળ, કઠોળ, મગફળી, તેમજ કપાસ જેવી ચીજ વસ્તુંઓની ખરીદી કરે છે. જેથી કરીને ખેડુતોને પોતાની ઉત્પન્ન કરેલ ચીજોના પોષણક્ષમ ભાવ મળી રહે અને બજારમાં સારા ભાવ મળે ત્યારે વેચાણ કરે છે.

તાલુકા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘોને પ્રોસેસીંગ,ગ્રેડીગ, ક્લીનીંગ, વોશીંગ,શોટીંગ, પેકેજીંગ, બ્રાન્ડીંગ,સ્ટોરેજ ગોડાઉન બનાવવા માટે મુડી ખર્ચના ૫૦% પ્રમાણે મહત્તમ ૨૦ લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે અને આ યોજના હેઠળ ગત વર્ષે રૂ. ૪૦.૦૦ લાખની સહાય ૨ સંસ્થાઓને ચુકવવામાં આવે છે. જ્યારે ચાલુ નાણાંકીય વર્ષમાં આ યોજના હેઠળ રૂ.૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

રાજ્યકક્ષાએ ગુજકોમાસોલ ફેડરેશન દ્વારા ખેત ઉત્પન્ન માટે ચીજવસ્તુંઓ જેવી કે ખાતર, બિયારણ તથા જંતુનાશક દવાઓ પુરી પાડે છે. ઇફ્કો, કૃભકો, જી.એસ.એફ.સી.એફ જેવી ખાતર ઉત્પાદ્‌ક કંપનીઓ પાસેથી ખાતરો ખરીદી ડી.એ.પી, એન.પી.કે, પોટાશફોર્સ જેવાં ખાતરોનું જિલ્લા તાલુકા સંઘો તથા પ્રાથમિક મંડળીઓ દ્વારા ખેડુતોને ખાતર પુરુ પાડે છે. ફેડરેશન દવાઓનું ઉત્પાદન નારોલ યુનિટ ખાતે તેમજ કાંકરીયા ખાતે બાયોફર્ટીલાઇઝરની કમગીરી કરે છે. ફેડરેશન પ્રોસેસીંગ યુનિટો પણ ચલાવે છે. અમરેલી ખાતે ફેડરેશનની ઓઇલ મીલ અંગેની

કમગીરી તેમજ મહેસાણા ખાતે દિવેલા તેમજ કપાસનું જિનીગ પ્રેસિંગ યુનિટ જ્યારે ઉંઝા ખાતે રાયડા પ્રોસેંસીંગ યુનિટ છે. અને ભરૂચ ખાતે કેળના થડના રેશા પ્રોસેસીંગ પ્લાન્ટની કામગીરી કરવામાં આવે છે.

આ ઉપરાંત ગુજકોમાસોલ, જિલ્લા ખરીદ વેચાણ સહકારી સંઘ તથા તાલુકા ખરીદ વેચાણ સહકારી સંઘ દ્વારા નીચે મુજબની પ્રવૃતિ હાથ ધરવામાં આવે છે.

૧) સંયોજીત પ્રાથમિક મંડળીઓને તથા વ્યક્તિ સભ્યોને ખેતીવિષયક, ઔધોગિક અને ઘરવપરાશનો માલ પૂરોપાડવા આવા માલની જથ્થાબંધ ખરીદી કરવામાં આવે છે અને સંયોજિત પ્રાથમિક મંડળીઓને તેમજ વ્યક્તિ સભ્યોને તે રોકડેથી મંજૂર કરેલી શાખ પર પુરી પાડવામાં આવે છે.

૨) સંયોજીત પ્રાથમિક મંડળીઓને તથા સંઘના વ્યક્તિ સભ્યોને જોઈતો માલ તેમના થકી ખરીદી કમીશનથી પૂરી પાડવામાં આવે છે.

3) સંયોજીત પ્રાથમિક મંડળીઓના સભાસદો તથા સંઘના વ્યક્તિ સભ્યોને ઉત્પન્ન કરેલો માલ કમીશનથી વેચી આપવાની અને તેના સારા ભાવો ઉપજાવી આપવાની જરૂરી કામગીરી હાથ ધરવામાં આવે છે.

૪) સંયોજીત મંડળીઓના સભાસદો તથા સંઘના વ્યક્તિ સભ્યોને ખેતીવિષયક જરૂરીયાતો જેવી કે બીયારણ, રસાયણીક ખાતર, સીમેન્ટ, સીમેન્ટની અન્ય ચીજો, ઇલેક્ટ્રીક સમાન, તેમજ જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ જેવી કે કાપડ, અનાજ, ખાંડ, તેલ, ચા, કેરોસીન વિગેરે તથા સરકાર નિયંત્રિત ચીજોનું જથ્થાબંધ તેમજ છૂટક વેચાણ કરવામાં આવે છે અને તે માટે જરૂરિયાત પડે તો વેચાણ કેન્દ્ર ખોલવામાં આવે છે.

૫) ખેતી ઉપયોગી સાધનો અને ઓજારો ખરીદી અગર ભાડે લાવી પોતાના સભાસદોને નોમીનલ સભાસદોને વ્યાજબીદરે ભાડે આપવા અને સભાસદોને ખેતીના વધુ ઉત્પાદન માટે ઉત્તેજન આપવામાં આવે છે અને આ માટે દરેક જાતના સારા, બીજ, ખાતર,જંતુનાશક દવાઓ,ખેતીના ઓજારો પૂરા પાડવામાં આવે છે.

૬) તાલુકામાં માર્કેટીંગ અને રૂપાંતર તથા તેને લગતી અન્ય પ્રવૃતિને સહકારી ધોરણે વિકસાવવા પ્રયત્ન કરવામાં આવે છે તથા તેવું કામ કરતી તાલુકાની અન્ય પ્રાથમિક મંડળીઓને જરૂરી માર્ગદર્શન અને સેવા આપવામાં આવે છે.

ચાલુ વર્ષના અંદાજપત્રમાં સહકારને સહાયક અનુદાન અંગે રૂા. ૧૭૧૯.૦૪૫૪ કરોડની જોગવાઇ સામે રજીસ્ટ્રાર સહકારની

કચેરીના કોમ્પ્યુટરાઈઝેશન માટેની યોજના અંતર્ગત હાર્ડવેર પ્રોક્યોરમેન્ટ, વ્યાજ સહાય માટે ખેડૂતોને નાણાકિય સહાય,રાજ્યની નબળી બજાર સમિતિઓના રીસ્ટ્રક્ચરીંગ માટે તથા સહકારી મંડળીઓના નોંધણી અધિકારી માટે નવા વાહનોની ખરીદી થવાના કારણે રૂ. ૧૩૪.૫૧૮૧ કરોડની પૂરક માગણી રજૂ કરવામાં આવેલ છે જેને હું સમર્થન આપુ છું.

***